સનાતનધર્મનો પ્રશ્નોત્તર.

છોકરાંઓ સારૂ હિંદુધર્મ તથા હિંદુનીતિ શિક્ષક સવાલ જવાબ.



[૩૫ હજારમી પ્રત.]

શ્રીક્ષેત્ર કાશીમાંની સેન્ટ્રલ હિન્દુ કાલેજના
"ટ્રસ્ટી" મંડળને માટે
પ્રસિદ્ધ કરનાર
વૈદ્ય બ્રધર્સ, લોહારચાળ, મુંબઈ.

સન ૧૯૦૨.

કિંમત ૧ આનો. ટપાલખર્ચ સહિત ૧।। આનો.

પ્રસ્તાવના.

આ પ્રશ્નોત્તર વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષકે કેવળ મોઢે કરાવવાનો નથી. એક પાઠસારૂ ફક્ત એકજ સવાલ અથવા જોડાએલા બે કે ત્રણ સવાલ લેવા; પુસ્તકમાં આપેલો જવાબ સારી પેઠે સમજાવવો, તથા તે વિષે પ્રશ્નો પૂછીને છોકરાઓ એ બરાબર સમજ્યા તેની ખાત્રી કરી લેવી. જ્યાં શક્ય હોય ત્યાં સુગમ દૃષ્ટાન્ત અને વાતો કહીને સારી પેઠે સમજણ પાડવી. દાખલા તરીકે ચોથાથી નવમા પ્રશ્ન સુધી જવાબમાં જે પુસ્તકોનાં નામ આવેછે તેઓ વિષે લંબાણથી વર્ણન કરીને પૂર્ણ માહિતી આપવી. અરાઢમા સવાલના જવાબ સાથે દરેક અવતારની કથાનું સુગમ તથા ચિત્તાકર્ષક વર્ણન કરવું. અને એજ પ્રમાણે બીજે બધે ઠેકાણે પણ કરવું. એક દિવસનો પાઠ સમજાવી રહ્યા પછી આખા વર્ગ પાસેથી જવાબ મોઢે કરાવવો, અને બધા પાસેથી મોટેથી બોલાવવો; અને તેમાં દરેક બાળક ભાગ લે એ વિષે કાળજી રાખવી.

નીચલાં બે ધોરણ સારૂ તો ફક્ત સેહેલા સવાલજ લેવા, અને ઘણીજ સરળ ભાષામાં તે સમજાવવા.

સનાતન ધર્મ.

ભાગ ૧ લો.

હિંદુધર્મનાં મૂળતત્વો.

સવાલ ૧. સનાતન ધર્મ એ શબ્દોનો શો અર્થ થાય છે?

જવાબ. સનાતન ધર્મ એટલે નિત્ય, અથવા ચિરસ્થાયી, અથવા હમેશાં રહેનાર ધર્મ.

સવાલ ૨. એ નામ કયા ધર્મને આપવામાં આવ્યું છે?

જવાબ. હિંદુધર્મ જે પૃથ્વીપરના સર્વ વિદ્યમાન્ ધર્મોમાં જૂનામાં જૂનો છે તેને એ નામ અપાય છે.

સવાલ ૩. તેને સનાતન એ વિશેષણ લગાડવાનું એટલુંજ કારણ છે?

જવાબ. ના. તેમાં શીખવેલાં મોટાં તત્વો અવિનાશી છે તેથી પણ તેને સનાતન કહે છે.

સવાલ ૪. હિંદુધર્મનું મૂળ શું છે?

જવાબ. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ નામના ચાર વેદ. બ્રહ્માએ પ્રથમ તે પવિત્ર ઋષિઓને શિખવ્યા જેઓએ તે પ્રગટ કર્યાં. કેવી રીતે ઉપાસના કરવી તથા શું માનવું તે વેદમાં શીખવાડયું છે.

સવાલ ૫. વેદોશિવાય ઋષિઓએ આપેલાં બીજાં કોઈ પુસ્તકો છે?

જવાબ. હા. મનુસ્મૃતિ, મુખ્ય પુરાણો, અને રામાયણ તથા મહાભારત નામના બે ઇતિહાસ. સનાતન ધર્મ મુખ્યત્વે કરીને આ પુસ્તકોપરથીજ આપણે સમજી શકિએ છિએ.

સવાલ ૬. મનુસ્મૃતિમાં શું છે?

જવાબ. હિંદુઓએ કેવી રીતે રેહેવું તથા વ્યવહાર ચલાવવો શું કરવું તથા શું ન કરવું તે વિષેના સર્વ નિયમ મનુસ્મૃતિમાં લખ્યા છે.

સવાલ ૭. પુરાણોમાં શું છે?

જવાબ. સૃષ્ટિની ઉત્પત્તિ તથા ત્યાર પછીના ઇતિહાસનું વર્ણન પુરાણોમાં કર્યું છે. બાળકોને પણ રમૂજી થઈ પડે એવી વાતોથી પુરાણો ભરપૂર છે.

સવાલ ૮. રામાયણમાં શું છે?

જવાબ. મહાપ્રતાપી રાજા રામચંદ્ર, તેમનાં માબાપ, તેમના ભાઇ, તથા તેમની પત્ની સીતા જે સર્વ હિંદુ સ્ત્રીઓને અનુકરણ કરવાસારૂ નમૂના (આદર્શ) તરીકે છે, એ બધાની વાત રામાયણમાં કહી છે.

સવાબ ૯. મહાભારતમાં શું છે?

જવાબ. મહાન કુરૂવંશ, તેના બે વિભાગ, તેમના કજીઆ તથા નાશનું વર્ણન મહાભારતમાં કર્યું છે. ભગવદ્ગીતા તથા બીજી પ્રખ્યાત ગીતાઓ તથા ઘણીએક સુંદર અને શીખામણથી ભરપૂર વાતોનો મહાભારતમાં સમાવેશ થયો છે.

સવાલ ૧૦. ઈશ્વર વિષે શું માનવાનું કહ્યું છે?

જવાબ. કે એક અનાદિ અનંત સત્તા છે જેને "एकमेवाद्वितीयम्" (એકજ જેના શિવાય બીજું કાંઇ નથી) એવી રીતે વર્ણી છે. તેને શાસ્ત્રમાં બ્રહ્મન્ અથવા પરબ્રહ્મન્ નામ આપ્યું છે. કોઇ વખત તેને "સર્વ" એ નામ અપાય છે કારણ કે જે કાંઇ હતું, છે, અને થશે તે સર્વનો તેમાં સમાવેશ થયો છે.

સવાલ ૧૧. આપણે પરમાત્માને જાણી શકિએ?

જવાબ. જ્યારે તે ઈશ્વર એટલે નિયંતા અને સર્વ લોકના તથા તેમાં રહેલા સર્વ જીવોના પ્રેમી પિતારૂપે વ્યક્ત થાયછે ત્યારે આપણે તેને જાણી શકિએ છિએ.

સવાલ ૧૨. આપણે તેને જાણી શકિયે તે સારૂ ઈશ્વર પોતે આપણને શી મદદ કરે છે?

જવાબ. તે જૂદાં જૂદાં રૂપ ધારણ કરે છે. તે દરેકમાંથી તેનો થોડો

ભાગ જણાય છે, જેથી આપણે તેનો મહિમા થોડે થોડે જાણી શકિએ. જેમ આપણે તેને વધારે સારી રીતે જાણીએ તેમ તેના તરફ વધારે પ્રેમ તથા ભક્તિ કરી શકિએ છિએ. કેટલાંએક રૂપ તેનો ઘણોજ થોડો ભાગ દેખાડે છે અને કેટલાંએક તેનો વધારે ભાગ બતલાવે છે.

સવાલ ૧૩. એ રૂપોનું કાંઇ વર્ણન કરો.

જવાબ. ઈશ્વરનાં ત્રણ મુખ્ય રૂપ છે જેમને ત્રિમૂર્તિ કહે છે; તેમનાં નામ, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કે મહાદેવ. બ્રહ્મારૂપે ઈશ્વર સૃષ્ટિ ઉત્પન્ન કરે છે, વિષ્ણુરૂપે તેને ચલાવે છે તથા રક્ષણ કરે છે, અને શિવરૂપે જીર્ણ અને નિરૂપયોગી થયેલી સૃષ્ટિયોનો સંહાર કરે છે.

સવાલ ૧૪. ઈશ્વરનાં બીજાં રૂપ કયાં છે?

જવાબ. દેવ તથા દેવીયોનાં રૂપ. જેવાં કે ઇંદ્ર જે વરસાદ આપે છે, વાયુ જેનો શ્વાસ પવન છે, અગ્નિ જે આપણને ઉષ્ણતા આપે છે, વરૂણ જે પાણીનો રાજા છે, કુબેર જે આપણને અન્ન આપનારી ભૂમીનું પાલન કરે છે, વળી સરસ્વતી અને ગણેશ જેમની પ્રાર્થના કરવાથી ભણવામાં મદદ મળી શકે છે; અને બીજા ઘણાએ દેવો છે જે હંમેશાં આપણું ભલું કરવા સારૂ અનેક કાર્યે કરે છે તથા જ્યારે આપણે સુકૃત કરિએ છિએ ત્યારે આપણને સુખી કરે છે તથા દુષ્કૃત કરિએ છિએ ત્યારે દુઃખી કરે છે.

સવાલ ૧૫. વળી બીજાં કોઈ રૂપ ઈશ્વર ધારણ કરે છે?

જવાબ. હા. તે હંમેશાં આપણા હૃદયમાં રહે છે અને તેજ આપણો અંતરાત્મા છે. જ્યારે આપણે પ્રેમી તથા શુદ્ધ હોઇએ છિએ ત્યારે તે આપણામાં પ્રકાશે છે અને જ્યારે આપણે ક્રૂર અથવા અશુદ્ધ હોઇએ ત્યારે તે ઝાંખો પડી જાય છે. અને તે બધા જનાવરોમાં તેમજ વનસ્પતિ તથા ખનિજ પદાર્થમાં પણ રહે છે. તે બધે છે, અને હરેક જણને તથા હરેક વસ્તુને મદદ કરેછે. અને જ્યારે આપણે કાઇને ઇજા કરિએ છિએ ત્યારે તેને ઇજા થાય છે.

સવાલ ૧૬. તેણે લીધેલાં બીજાં કેટલાંક રૂપ જેમને અવતાર કહે છે તે વિષે પણ શાસ્ત્રમાં વર્ણન કર્યું છે. અવતાર એટલે શું?

જવાબ. જેનું અવતરણ થયું છે, એટલે જે નીચે આવેલો છે, તેને અવતાર કહે છે. સૃષ્ટિના ધારક તથા પાલક વિષ્ણુભગવાનના કેટલાક ચોક્કસ રૂપને એ નામ આપવામાં આવે છે. જ્યારે સૃષ્ટિને સહાયતા કરવા સારૂ કોઇ મોટું કાર્ય કરવાની જરૂર હોય છે ત્યારે તે અવતાર લે છે.

સવાલ ૧૭. અવતાર કેટલા છે?

જવાબ. દસ.

સવાલ ૧૮. તેમનાં નામ કહો.

જવાબ. (૧) મત્સ્ય એટલે માછલીનો અવતાર જે પૃથ્વી જલમય થઈ રહી હતી તે વેળા મનુ આદિની પ્રાણ રક્ષા કરવા સારૂ થયો. (૨) કૂર્મ એટલે કાચબો જે મહાન્ કંપને વખતે પૃથ્વીને ટેકો દેવા સારૂ થયો. (૩) વરાહ અવતાર પૃથ્વીને પાણીમાંથી ઉપર ઉચકવા આવ્યો હતો. (૪) નરસિંહ, જે એક અતિ ઉત્પાતી દૈત્યનો નાશ કરવા સારૂ આવ્યો. (૫) વામન, અથવા ઠિંગણો માણસ, જે મનુષ્યને જુલમથી મુક્ત કરવા આવ્યો. (૬) પરશુરામ, એટલે કોહાડી-વાલો-રામ, જે પોતાની સત્તાનો દુરૂપયોગ કરનાર ક્ષત્રિયોને સજા કરવા આવ્યો. (૭) રામ જે નમુનાદાર રાજા, પુત્ર તથા ભાઇ હતો. (૮) કૃષ્ણ જેની લાખો હિંદુઓ પરમ પ્રેમથી ભક્તિ કરેછે. (૯) બુદ્ધ, જેણે ધર્મનો ઉપદેશ કરવા સારૂ રાજ્ય સંપત્તિનો ત્યાગ કર્યો. આ બધા અવતાર આગળ થઈ ગયા. (૧૦) કલ્કિ જે હજી ભવિષ્યમાં થવાનો છે.

સવાલ ૧૯. હવે આપણે આપણા વિષે થોડી વાત કરિએ. મનુષ્ય શું છે?

જવાબ. બીજા પ્રાણીઓની પેઠે બે તદ્દન ભિન્ન ભાગનો બનેલો પ્રાણી. એક ભાગ જે ઈશ્વરનો અંશ છે, તેને જીવ કહેછે; અને બીજો ભાગ જીવે પેહેરેલો અનેક કોશ અથવા આચ્છાદનનો બનેલો છે. આ

કોશોને તેના દેહ કહેછે. તમારૂં બાહ્ય શરીર તમે જોઈ શકો છો, પણ જોનાર તમે પોતે જીવ છો. જીવ મરણ પામતો નથી કારણ કે તે ઈશ્વરનો અંશ છે; પરંતુ શરીર જૂનાં થાય છે અને મરી જાય છે.

સવાલ ૨૦. પોતાનાં શરીરો ખોયા પછી જીવ શું કરે છે?

જવાબ. મરણને સમે જીર્ણ કપડાની પેઠે આપણને દેખાતું સ્થૂલ શરીર તે મૂકી દેછે. અને પોતાનાં બીજાં શરીરોથી વિંટાયલો વચલા (પિતૃ) લોકમાં જાય છે. ત્યારપછી તે વળી એક શરીર મૂકી દેછે; અને તેનું સ્વર્ગનું દિવ્ય શરીર જીર્ણ થઇ જાય ત્યાંસુધી ઘણાજ સુખમાં સ્વર્ગવાસ કરેછે.

સવાલ ૨૧. વચલો લોક, જેને પિતૃલોક કહેછે, તેમાં તે સુખી હોય છે?

જવાબ. જે માણસ ઘણો સારો હોય છે તે ત્યાં સુખમાં રહેછે. પણ ત્યાં તે ઘણા વખત સુધી રેહેતો નથી. પણ ખરાબ માણસ ત્યાં અતિ દુઃખી થાયછે, તથા લાંબા વખત વેદના અનુભવે છે. જે લોક જૂઠું બોલેછે, દારૂ પીએ છે, સ્ત્રી બાળક કે જાનવરપર ક્રૂરતા કરેછે તેમને ત્યાં લાંબા વખત સુધી રહીને દુઃખ ભોગવવું પડેછે.

સવાલ ૨૨. સ્વર્ગનું શરીર જીર્ણ થઈ ગયું કે શું થાયછે?

જવાબ. જેમ કોઇ માણસ નવાં કપડાં મેળવે તે પ્રમાણે જીવ દેવોની સહાયતાથી પોતાને સારૂ કેટલાંક નવાં શરીર બાંધવાનું શરૂ કરેછે. પછી તે પૃથ્વીપર પાછો આવેછે, અને પોતાના નવા બાળક-દેહમાં જન્મે છે.

સવાલ ૨૩. નવા જન્મમાં તેની હાલત શાથી મુકરર થાય છે?

જવાબ. પૂર્વ જન્મોની તેની વાસના, ભાવના તથા કર્મ.

સવાલ ૨૪. વાસના એટલે શું?

જવાબ. જે વસ્તુથી સુખ મળશે એમ આપણે કલ્પિએ છિએ તે

વસ્તુ મેળવવાની ઇચ્છાને વાસના કહે છે. જે વિષે આપણે ઇચ્છા રાખિએ તે આપણને મળે છે, તેથી આપણે કેવળ એવીજ વસ્તુ મેળવવાની ઇચ્છા રાખવી જે હિતકર તેમજ સુખકારક હોય.

સવાલ ૨૫. સુખકારક એટલે શું ?

જવાબ. જે વસ્તુ થોડા વખત સુધી આપણને પ્રસન્ન કરેછે કારણ-કે તે શરીર અથવા કોશોને સંતોષ પમાડે છે.

સવાલ ૨૬. હિતકર તે શું ?

જવાબ. ઈશ્વરની ઇચ્છાને અનુકૂલ હોવાથી જે વસ્તુ જીવને સુખ આપે છે, અને તેથી આપણને ઘણા લાંબા વખત સુધી પ્રસન્ન રાખે છે.

સવાલ ૨૭. ભાવના એટલે શું ?

જવાબ. જ્યારે આંખદ્વારા જીવ દુનિયા તરફ નજર કરે છે ત્યારે તે જૂદી જૂદી વસ્તુઓ જુવે છે, તેમને યાદ કરે છે, અને તે જૂદી જુદી વસ્તુઓને તથા તેમના વચ્ચેના સંબંધને સમજવાનો પ્રયત્ન કરે છે. એને ચિંતન અથવા ભાવના કહે છે. કેટલીક વખત તમે જોએલી વસ્તુનાં ચિત્ર તમારા મન આગળ આવે છે તેજ ભાવના અથવા વિચાર.

સવાલ ૨૮. કર્મ એટલે શું ?

જવાબ. જે કાંઇ આપણે કરિએ છિએ.

સવાલ ૨૯. વાસનાનો નવા જન્મની હાલત સાથે શા સારૂ સંબંધ હોવો જોઇએ ?

જવાબ. કારણ કે જે વસ્તુની ઇચ્છા આપણે રાખી હોય તે આપણને મળવી જોઇએ, અને જ્યાં તે આપણને મળે તેવે ઠેકાણે આપણો જન્મ થવો જોઇએ.

સવાલ ૩૦. ભાવનાની તેનાપર શા સારૂ અસર થાય છે ?

જવાબ. કારણ કે જે વિષે આપણે વિચાર કરિએ છિએ તેજ આપણે

બનિએ છિએ. સાચાઇ વિષે ભાવના કરિએ તો આપણે સાચા બનિએ છિએ. શુદ્ધતા વિષે ભાવના કરતા રહ્યા તો આપણે શુદ્ધ બનિએ છિએ. અને બૂરી વસ્તુ વિષે ભાવના કરી તો બૂરા બનિએ છિએ. તેથી આપણો સ્વભાવ, જેપર આપણાં વર્તનનો આધાર છે તે, આપણી ભાવનાથી બને છે.

સવાલ ૩૧. કર્મનો તેની સાથે શા સારૂ સંબંધ હોવો જોઇએ?

જવાબ. કારણ કે આપણે જે કાંઇ કરિએ છિએ તે આપણને પાછું મળે છે. હાલ આપણે બીજાને સુખી કરીશું તો જ્યાં બીજા આપણને સુખી કરશે ત્યાં આપણે જન્મીશું. હાલ આપણે બીજાને દુઃખી કરીશું તો જ્યાં બીજા આપણને દુઃખી કરશે ત્યાં આપણે જન્મીશું.

સવાલ ૩૨. જે કાયદા પ્રમાણે આ બધું થાયછે તેનું નામ શું?

જવાબ. તેને કર્મ એ નામ આપવામાં આવ્યું છે. કર્મ શબ્દનો અર્થ "કરેલું" એટલે "કાર્ય" એવો છે.

સવાલ ૩૩. બીજો એક મહાન્ નિયમ છે જેને યજ્ઞ કહેછે એ શું છે?

જવાબ. સર્વ જીવોનાં શરીર બીજાનાં શરીર ખાઈને જીવે છે. ખનિજ સૃષ્ટિમાં (એટલે પથ્થર, માટી, વગેરેમાં) રહેનારા જીવોનાં શરીર વનસ્પતિનો આહાર થાયછે. વનસ્પતિમાં રહેતા જીવોનાં શરીરને જનાવર તથા મનુષ્ય ખાઇને જીવે છે. હવે જેમ મનુષ્ય તથા જનાવરના જીવ પોતાનાં શરીર જીવતાં રાખવા સારૂ બીજાનાં શરીરનો ભોગ લેછે, તેમ તે જીવોએ પોતે પોતાના આસપાસના લોક સારૂ પોતાના શરીરનો ભોગ આપવો જોઇએ. આ પ્રમાણે યુવાનોએ ઘરડાંઓની સેવા કરવામાં તથા તેમને સહાયતા કરવામાં પોતાના શરીરનો ભોગ આપવો. માબાપ પોતાનાં છોકરાં સારૂ મેહેનત કરવામાં અને તેમની સંભાળ લેવામાં પોતાના શરીરનો ભોગ આપેછે. પછીથી છોકરાં જરા મોટાં થયાં એટલે માબાપના સંદેશા કહેવા દોડેછે, ઘરકામમાં મદદ કરેછે અને એ પ્રમાણે તેમના શ્રમનો ઘટાડો કરવામાં પોતાના શરીરનું બળિદાન આપેછે. વળી તેથી પણ મોટાં થયાં એટલે તે પોતાનાં માબાપે જે બચપણમાં તેમને માટે

કર્યું હતું તેનો બદલો પોતાનાં છોકરાંને આપેછે. અને દરેક જણે સર્વ વસ્તુ આપનાર ઈશ્વરને ભક્તિરૂપી બળી આપવો જોઇએ. અને પોતાના આસપાસના માણસ તરફ માયાળુ વર્તન રાખવું જોઇએ.

સવાલ ૩૪. જો હરકોઈ બીજાના શરીરપર જીવે છે, તો કયાં શરીરનો ઉપયોગ કરવો અને કયાં નો ન કરવો તે માણસ કેમ જાણી શકે?

જવાબ. દુઃખ ન દેવાની સંભાળ રાખવી. ફૂલ, મૂળ, કંદ, અનાજ અને સામાન્યતઃ વનસ્પતિને આપણે લઇને ખાઇએ તો તેમને દુઃખ થતું નથી. **ભીષ્મ**પિતામહ કહેછે કે દુઃખ ન દેવું એજ સૌથી શ્રેષ્ઠ યજ્ઞ છે. કોઇને દુઃખ ન દેવાનો આપણે હમેશાં પ્રયત્ન કરવો જોઇએ.



ભાગ ૨ જો.

હિંદુધર્મના સામાન્ય આચાર તથા સંસ્કાર.

સવાલ ૩૫. તમારામાંનાં મોટાં છોકરાંઓને સંસ્કૃતમાં મંત્ર બોલવાતું શીખવ્યું છે. મંત્ર એટલે શું?

જવાબ. ચોક્કસ રીતે ગોઠવેલા ઉચ્ચારના જથ્થાને મંત્ર કહે છે. એ ગોઠવણ એવી હોય છે કે જેથી ઈશ્વર અથવા કોઇ દેવ કે દેવી પાસેથી આપણને સહાયતા મળે તથા આપણું રક્ષણ થાય.

સવાલ ૩૬. શબ્દક્રમમાં ફેરફાર કર્યો તો ચાલે કે નહીં?

જવાબ ના. અમુક ક્રમમાં (સંગીતના) સુરોનું ઉચ્ચારણ કરિએ તો રાગ ઉત્પન્ન થાય છે. પણ ક્રમ બદલ્યો તો રાગમાં બગાડ થાય છે. કોઇ પણ મંત્રમાંના શબ્દની પણ એવીજ વાત છે. અથવા અક્ષરોને અમુક ક્રમમાં ગોઠવ્યા તો એક શબ્દ થાય છે. પણ ક્રમ બદલ્યો તો તે અક્ષરના જથ્થાનો કાંઇ પણ અર્થ થતો નથી અથવા તો જુદોજ અર્થ થાય છે.

સવાલ ૩૭. મંત્રનું ભાષાંતર કર્યું હોય તો ચાલે?

જવાબ. તેનું ભાષાંતર કર્યું તો તેમાં મંત્રશક્તિનો લોપ થાય છે. જેમકે હિંદી રાગ જે આ દેશના વાદ્યપર વગાડી શકાય છે તે યુરોપીયન સંગીત વાદ્યપર વગાડી શકાતો નથી, કારણ કે હરએક હિંદી સૂર તે વાદ્યમાંથી નીકળી શકતો નથી. તેમજ દરેક ભાષા એક સંગીત વાદ્ય જેવી છે, અને તેના ચોક્કસ સ્વર હોય છે.

સવાલ ૩૮. સંસ્કાર એટલે શું?

જવાબ. જીવનના નિયમિત સમયે કરાતા વિધી જેથી જીવને તેનાં શરીરો વધારે ઉપયોગી થઇ પડે.

સવાલ ૩૯. સૌથી અગત્યના સંસ્કાર કયાં છે?

જવાબ. ઉપનયન વિધિ અથવા જનોઇ પેહેરાવવાનો સંસ્કાર, જે બાળપણ મૂકીને કુમારાવસ્થામાં આવ્યાની નિશાની છે. અને વિવાહ જે કુમારાવસ્થાથી યુવાવસ્થામાં આવ્યાની નિશાની છે.

સવાલ ૪૦. શ્રાદ્ધ એટલે શું?

જવાબ. જીવ પોતાનું સ્થૂલ શરીર મૂકીને આપણી નજર આગળથી જતો રહ્યા પછી તેને સહાયતા કરવા સારૂ કરાતા વિધિ.

સવાલ ૪૧. આ ક્રિયાઓથી તેને કેવી રીતે સહાયતા થાય છે.

જવાબ. મરણ પછી જે લોક તેને પસાર કરવો પડેછે તેમાંથી ઝટ નીકળી જવા આ ક્રિયાઓથી તેને મદદ મળેછે. અને તેથી સુખદાયક સ્વર્ગલોકમાં તે પોતાની મેળે જઇ શકે તેથી વધારે વેહેલો જઇ શકે છે.

સવાલ ૪૨. શૌચ વિષે લોક વાત કરે છે તેનો અર્થ શું છે ?

જવાબ. એ શબ્દનો અર્થ શુદ્ધતા એવો છે. આપણે આપણાં શરીર રોજ સવારે ધોઇને શુદ્ધ રાખવાં જોઇએ, વળી આપણાં કપડાં પણ શુદ્ધ રાખવાં જોઇએ, અને તે મેલાં થયાં એટલે બદલવાં તથા રોજ ધોવાં. શુદ્ધ વાસણમાં લઇને શુદ્ધ અન્ન ખાવું તથા શુદ્ધ પાણીનું તેજ પ્રમાણે પ્રાશન કરવું. ગંદું વાસણ કદી પણ કુવામાં છોડવું નહીં, કારણ કે તેથી પાણીમાં બગાડ થાય છે. પાણી ગંદું અથવા ગંધાતું હોય તો તે પીવું નહીં, અને તે નહાવા ધોવા સારૂ પણ વાપરવું નહીં. ઘરના ઓરડા રોજ ઝાડવા જોઇએ તથા માટી કપડાથી લૂછી કાઢવી જોઇએ, જેથી સડેલા ફળના કકડા વગેરે કોહતા પદાર્થ નીકળી જાય. જે હવા આપણે શ્વાસદ્વારા અંદર લઇએ છિએ તે મેલથી દૂષિત થાય છે અને આપણા શરીરમાં જવાથી આપણને પણ દૂષિત કરે છે. આપણા ઘરની આસપાસની જમીન સાફ રાખવી તથા બધો મેલ ભોંયમાં સારીપેઠે ડાટી દેવો. ત્યાં તે જમીનને સુધારશે, પણ બહાર રહ્યો તો પ્રાણીઓને ઝેર જેવો થઇ પડશે. જ્યાં જ્યાં દુર્ગંધ છે ત્યાં ત્યાં મનુષ્યના જીવનને તથા તંદુરસ્તીને ભય છે. દુર્ગંધ એ ભયની

ચેતવણી આપવાનું દેવોનું સાધન છે. પ્લેગ, કૉલરા, શીતળા, અને બીજા રોગ ગંધવાડથી ઉપજે છે. એ કારણથી પ્રાચીન હિંદુઓએ શુદ્ધતા એ ધાર્મિક ફરજ છે એમ બતલાવ્યું હતું.

સવાલ ૪૩. રોજ કરવાના પંચ યજ્ઞ કયા છે?

જવાબ. અધ્યયન અથવા શીખવું તે; પૂજન; તર્પણ અથવા પૂર્વજોને આપવાનો બળી; ભૂતયજ્ઞ, જમીનપર અન્ન મૂકી છાંડીને ભૂતો તથા છૂટા ફરતા જનાવરોને ખવાડવું તે, મનુષ્ય યજ્ઞ, ગરીબ માણસને અન્ન અથવા વસ્ત્રનું દાન કરવું અથવા બીજી કોઇ રીતે મદદ કરવી તે. દરેક હિંદુએ આ પાંચ વાત રોજ કરવી જોઇએ.

સવાલ ૪૪. પૂજન એટલે શું?

જવાબ. ઈશ્વર વિષે પ્રેમ, તેની ભક્તિ, તેનો વિચાર, તેની ઉપાસના તથા તેની સ્તુતિ; અને હરેક મનુષ્ય તથા હરેક વસ્તુ તરફ પ્રેમભાવ રાખીને સર્વ રૂપમાં રહેલા ઈશ્વરની સેવા.

સવાલ ૪૫. ચાર આશ્રમ એટલે શું?

જવાબ. મનુષ્ય જીવનની ચાર અવસ્થા, બ્રહ્મચર્ય અથવા વિદ્યાર્થીની અવસ્થા, ગૃહસ્થ, વાનપ્રસ્થ, તથા સંન્યાસ.

સવાલ ૪૬. ચાર વર્ણ એટલે શું?

જવાબ. જીવના લાંબા ઉત્ક્રાન્તિ કાલના ચાર વિભાગ; શુદ્ર કે હાથેવતી કામ કરનાર, વૈશ્ય કે વેપારી, ક્ષત્રિય કે લઢવૈયો, બ્રાહ્મણ કે આચાર્ય.



ભાગ ૩ જો.

હિંદુનીતિ.

સવાલ ૪૭. નીતિવાન્ અને અનીતિવાન્ કાર્ય કયાં?

જવાબ. ઈશ્વર પોતાની સૃષ્ટિને તેને સારૂ જે સૌથી ઉત્તમ માર્ગ છે તે રસ્તે દોરે છે. જે કોઇ કાર્ય સૃષ્ટિને તે રસ્તે જવામાં મદદ કરે છે તે નીતિવાન્ છે અને જે તેમાં અડચણ કરે છે તે અનીતિવાન્ છે.

સવાલ ૪૮. પણ શાથી મદદ થાય છે અને શાથી અડચણ થાય છે તે તમે કેવી રીતે જાણી શકો?

જવાબ. ઈશ્વરે આપણને અજ્ઞાનમાં રાખ્યા નથી. તેણે પવિત્ર મહાત્માઓને આપણને ઉપદેશ કરવા સારૂ તથા શાથી મદદ થાય છે અને શાથી અડચણ થાય છે તે આપણને બતલાવવા સારૂ મોકલ્યા છે. આપણે નીતિ અને અનીતિ વચ્ચે વિવેક કરી શકિએ તે સારૂ તેણે આપણને વિચાર કરવાની શક્તિ આપી છે, બાળપણમાં તો આપણને જેવું શીખવ્યું હોય તેવું વર્તન આપણે રાખવું જોઇએ. જ્યારે આપણે મોટા થઇશું ત્યારે કેટલાંક કાર્ય નીતિવાન્ તથા કેટલાંક અનીતિવાન્ કેમ છે તે વધારે સારી રીતે સમજી શકીશું; અને કેટલીક સહેલી વાતો તો હમણાં પણ આપણે સમજી શકિએ છિએ.

સવાલ ૪૯. સૃષ્ટિના ઉત્ક્રાંતિ ક્રમમાં શાથી મદદ થાય છે તે બતાવવા સારૂ પવિત્ર મહાત્માઓએ શા અતિ સુગમ નિયમ આપ્યા છે?

જવાબ. (૧) બીજા કોઈ માણસને આપણે એવું નહીં કરવું જે તે આપણને કરે તો આપણને ગમે નહીં. (૨) બીજા માણસ આપણી તરફ જેવું વર્તન રાખે એવી આપણી ઇચ્છા હોય તેવું વર્તન આપણે તેમની તરફ રાખવું જોઈએ. (૩) બીજાએ આપણને દુઃખ દીધું તો આપણે તેને પાછું દુઃખ દેવાનો પ્રયત્ન કરવો નહીં. જે બાળક આ નિયમો પાળશે તે નીતિવાન્ થશે.

સવાલ ૫૦. આ નિયમ વિષે જરા વધારે સમજણ પાડવી જોઇએ. પહેલા નિયમ વિષે સમજણ પાડો.

જવાબ. કોઇ આપણુને મારે કે ઇજા કરે તો આપણુને ગમતું નથી; કોઇ આપણુને કડવાં વચન કહે તો આપણુને ગમતું નથી; કોઇ આપણી સાથે નિર્દયતાથી વર્તે અથવા આપણુને હંસી કાઢે તો આપણુને ગમતું નથી. પહેલો નિયમ આપણુને શિખવે છે કે આપણે કોઇને મારવું કે ઇજા કરવી કે ક્રોધથી બોલવું નહીં, તેમજ કોઇ સાથે અયોગ્ય વર્તન રાખવું નહીં અથવા કોઇને હંસી કાઢવું નહીં.

સવાલ ૫૧. બીજો નિયમ સમજાવો.

જવાબ. બીજા આપણુને સુખ આપે, મીઠાં વચન કહે, અને આપણી સાથે મમતાથી વર્તે તો આપણુને સારૂં લાગેછે. બીજો નિયમ બીજાને સુખ દેવાનું, મીઠાં વચન બોલવાનું તથા તેમની સાથે મમતાથી વર્તવાનું આપણુને શીખવે છે.

સવાલ ૫૨. ત્રીજો નિયમ સમજાવો.

જવાબ. આ નિયમ પ્રમાણે વર્તવું વધારે કઠણ છે કારણ કે બીજાએ આપણુને ઇજા કિધી તો આપણે તેને ઇજા કરવા ઇચ્છિએ છિએ. ત્રીજો નિયમ આપણુને શિખવે છે કે આપણુને કોઇ ગુસ્સાથી બોલે તો આપણે નમ્રતાથી જવાબ આપવો, આપણી સાથે નિર્દયતાથી વર્તે તો આપણે પ્રેમથી વર્તવું. બળતા અગ્નિમાં લાકડાં નાખ્યાં તો તે વધારે ને વધારે મોટો થતો જાયછે; પણ તેપર લાકડાંને બદલે પાણી નાખ્યું હોય તો તે ઓલવાઈ જાયછે. ગુસ્સે થયેલા માણસપર ગુસ્સે થયાથી તેનો ક્રોધાગ્નિ વધારે ને વધારે તપેછે; પણ તેની સાથે ભલાઈથી વર્ત્યા તો તેનો ક્રોધાગ્નિ ઓલવાઈ જાયછે.

સવાલ ૫૩. ફક્ત મનુષ્યપરજ આપણે પ્રેમભાવ તથા દયા રાખવી જોઈએ?

જવાબ. ના. જે હરકોઈ વસ્તુને સુખ દુઃખનો અનુભવ થઇ શકે છે તેના તરફ પ્રેમભાવ તથા દયા રાખવી જોઇએ.

સવાલ ૫૪. માબાપ સાથે કેવું વર્તન રાખવું જોઇએ?

જવાબ. જેમ રામચંદ્ર પોતાનાં માબાપની હરકોઇ રીતે સેવા ક-

રતા તથા તેમને મદદ કરતા, તેમ આપણે પણ આપણાં માબાપની બનતી સેવા કરવી તથા તેમને મદદ કરવી, તેમની આજ્ઞા પાળવી તથા તેમનાપર પ્યાર રાખવો.*

સવાલ ૫૫. ઘરડાંઓ તરફ આપણે કેવું વર્તન રાખવું જોઇએ?

જવાબ. તે જાણે આપણાં માબાપજ હોય તેમ તેમની સાથે ઘણી નમ્રતાથી તથા પૂજ્યભાવથી વર્તવું જોઇએ.

સવાલ ૫૬. આપણા ભાઇ તથા બેનો, સાથીઓ તથા મિત્રો સાથે કેવી રીતે વર્તવું જોઇએ?

જવાબ. માયાળુ તથા પ્રામાણિક રીતે; તેમના તરફ હમેશાં પ્રેમની લાગણી રાખવી, તથા તેમના વિષે કઠોર વિચાર મનમાં આવવા દેવા નહીં. તેમજ તેમને કઠોર વેણ કહેવું નહીં, અને તેમની સાથે કઠોર વર્તન કરવું નહીં.

સવાલ ૫૭. આપણાથી અશક્ત હોય તેમની સાથે કેવી રીતે વર્તવું જોઇએ?

જવાબ. તેમને મદદ કરવા તથા તેમની સંભાળ લેવા પ્રયત્ન કરવો જોઇએ. તેમનું રક્ષણ કરવામાં આપણા બળનો સદુપયોગ કરવો, પણ તેમને કોઇ વખત બીવડાવવાં કે ઇજા કરવી નહીં.

સવાલ ૫૮. આપણા આચરણમાં બીજું શું ઘણું અગત્યનું છે?

જવાબ. હમેશાં સાચું બોલવું અને સાચું વર્તન રાખવું; મન ધૈર્યવાન્ તથા સાફ રાખવું; સુશીલ તથા દયાળુ વર્તન કરવું; પ્રામાણિક અને ઉદ્યોગી થવું; આપણાથી શ્રેષ્ઠ હોય તેમની આજ્ઞા પાળવી; અને ખાવા પીવામાં મિતસ્થ રહેવું. જે બાળક આ પ્રમાણે પોતાનું વર્તન રાખશે તે મોટપણમાં સારો અને સુખી માણસ નિવડશે.

---

* અહિંયા બતાવેલા સદ્ગુણો વિષે શિક્ષકે બાળકોને વાતો કહેવી.

નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ.